બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

કુલ ગુણ - ૧૦૦

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''તમારા પુત્રની ઉંમર કેટલી ?'' (૩/૬)
➪ રામદયાળ - ધર્મદેવને
➪ પ્રભુ પારણામાંથી નીચે ઊતરી ઘૂંટણભર ચાલતાં જઈને દૂર પડેલી પોતાની ચૂસણી હાથમાં લઈને પાછા પારણામાં આવીને બેસી ગયા. આ દૃશ્ય જોતાં રામદયાળ ધર્મદેવને પૂછે છે.

૨. ''ઘનશ્યામને બળિયા નીકળ્યા છે, માટે અંદર ઓરડામાં સુવાડી દો.'' (૧૨/૧૮)
➪ ચંદામાસી - ભક્તિમાતાને
➪ ઘનશ્યામને તાવ આવ્યો હોવાથી ખબર કાઢવા આવેલા ચંદામાસી ઘનશ્યામને જોઈને કહે છે.

૩. ''આવા દુર્લભ દેહને એકાદશી કરીને શા માટે કષ્ટ આપવું જોઈએ !'' (૩૧/૫૬)
➪ મોહનદાસ (મંદિરના મહંત, બાવો) - ઘનશ્યામને
➪ 'રામચરિત'ની કથા કરતાં મોહનદાસને ઘનશ્યામે પ્રશ્ન પૂછ્યો કે ઘણા લોકો એકાદશી નથી કરતાં તેનું શું કારણ હશે ?

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** ☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.

૧. બાવાઓ કોને ઘેર સીધું લેવા ગયા ? (૨૯/૫૦)
જ. બાવાઓ ધર્મદેવને ઘેર સીધું લેવા ગયા.

૨. ઘનશ્યામે કયા આંધળા બ્રાહ્મણ પૂજારીને દેખતો કર્યો ? (૪૧/૭૪)
જ. ઘનશ્યામે વ્રજવિહારી નામના આંધળા બ્રાહ્મણ પૂજારીને દેખતો કર્યો.

૩. ઘનશ્યામે ક્યા ગામમાં ભૂતોનો મોક્ષ કર્યો ? (૨૦/૩૦)
જ. ઘનશ્યામે તીનવા ગામમાં ભૂતોનો મોક્ષ કર્યો.

૪. ઘનશ્યામે લક્ષ્મીજીને શું વચન આપ્યું ? (૭/૧૦)
જ. ઘનશ્યામે લક્ષ્મીજીને વચન આપ્યું : 'હું કાઠિયાવાડમાં આવું ત્યારે તમે પણ ત્યાં આવજો હું તમારી ઈચ્છા પૂર્ણ કરીશ.'

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. **નિત્યક્રમ :** <u>બપોરે</u> <u>ત્રણ</u> વાગે <u>નદીએ</u> નાહવા જાય. મિત્રો સાથે <u>દેવમંદિરમાં</u> દર્શન કરતાં, <u>સંધ્યા</u> આરતીમાં <u>હનુમાન ગઢીએ</u> અચૂક પહોંચી જાય. (૪૨/૭૬)

૨. **સિદ્ધિઓ પ્રભુની સેવામાં :** <u>જમી રહ્યાં</u> ત્યાં તો <u>રસોડામાંથી</u> <u>લક્ષ્મીબાઈ</u> ગરમાગરમ <u>શીરો</u> લઈને આવ્યાં, પણ બહાર આવીને જુએ તો <u>આઠ સિદ્ધિઓ</u> અને પકવાનના થાળ ! <u>મામી</u> તો તદ્દન નવાઈ જ પામી ગયાં ! (૮/૧૩)

૩. **માસીને પરચો :** એવામાં <u>ભક્તિમાતા</u> દીવો લઈને <u>ઓરડામાં</u> આવ્યાં, એટલે બંને <u>માસીઓએ</u> ફરિયાદ કરી : '<u>ઘનશ્યામને</u> કહો, <u>ઘંટી</u> પરથી હાથ લઈ લે. અમારાથી તેમનો હાથ નથી ખસતો.' (૩૫/૬૪)

૪. **સોળ ચિહ્નો :** <u>રાજાને</u> મનમાં થયું : ''જો આ ઘનશ્યામ <u>ભગવાન</u> હશે, તો બે વાત સાચી પડશે. શાસ્ત્રમાં લખ્યું છે કે <u>ભગવાનને</u> <u>પડછાયો</u> ન હોય અને બીજી વાત પણ શાસ્ત્રમાં આવે છે કે <u>ભગવાનનાં ચરણમાં</u> સોળ <u>ચિહ્ન</u> હોય.'' (૨૪/૪૧)

**પ્ર.૪ નીચેના આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ :-આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. ચોર ચોંટી ગયા (૩૯/૬૯)**

૧. ઘનશ્યામ અને રામપ્રતાપભાઈએ પકવેલા ફણસ તોડતાં ચોરો ફણસ સાથે ચોંટી ગયા.
૨. વહેલી સવારે ધર્મપિતા, રામપ્રતાપ અને ઘનશ્યામને આવતા જોઈ ચોરોએ કરેલી ભગવાનને પ્રાર્થના.
૩. ચોરોએ ધર્મપિતાની માફી માંગતા કહ્યું, 'અમે ફરીથી ક્યારેય ચોરી નહી કરીએ.'
૪. ઘનશ્યામે દૃષ્ટિ કરતાં ચોરોના હાથ છૂટી ગયા અને ચોરો નીચે ઊતર્યા.
૫. ઘનશ્યામે ચોરોને બે ફણસ આપ્યાં અને ઉપદેશ આપ્યો કે હવે ક્યારેય ચોરી ન કરતા.' 'ચોરી કરવી એ મહાપાપ છે.'

**૨. માછલીઓ સજીવન કરી (૧૩/૧૯)**

૧. એક દિવસ ઘનશ્યામ વેણી, માધવ અને પ્રાગને બોલાવીને મીન સરોવર નાહવા માટે ગયા.
૨. એક માછીમારે માછલીઓ પકડીને ટોપલામાં ભરેલી. તે મરેલી માછલીઓ ઘનશ્યામના સંકલ્પથી જીવતી થઈ ગઈ.
૩. માછીમાર ગુસ્સે થઈને ઘનશ્યામને મારવા આવ્યો ત્યારે ઘનશ્યામે યમરાજાનું રૂપ લીધું.
૪. યમદૂતોના મારથી માછીમારને પોતાની ભૂલ સમજાતાં ઘનશ્યામની માફી માગે છે.
૫. માછીમારને ઘનશ્યામ ભગવાન હોવાની પ્રતિતી થતાં પોતાના પાપ દૂર કરવાની પ્રાર્થના કરી.

**૩. નવી બત્રીસી (૨૭/૪૭)**

૧. ઘનશ્યામે દાઢ દુઃખતી હોવાથી શીરો કરાવ્યો, પણ થોડોક જ ખાધો.
૨. દુઃખતી અને હલતી બધી દાઢો ખેંચી કાઢવા માટે ઘનશ્યામે ભાભીને કહ્યું.
૩. ઘનશ્યામના બધા દાંત નીકળેલા જોઈ સુવાસિની ભાભી અને ભક્તિમાતા ગભરાઈ ગયાં.
૪. ભક્તિમાતાએ મોં ખોલાવ્યું તો મોંઢામાં નવી બત્રીસી જોઈ આશ્ચર્યનો પાર ન રહ્યો.
૫. ઘનશ્યામની મુઠ્ઠીમાં દાંતને બદલે થયેલા મોતી રાજહંસો આવીને ચાંચમાં લઈ ઊડી જતા માતા અને ભાભીએ ઘનશ્યામને ભગવાન જાણીને વંદન કર્યા.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૧૪/૨૨) **૨.** ૧, ૪ (૩૪/૬૧) **૩.** ૨, ૪ (૩૨/૫૮,૫૯) **૪.** ૧, ૩, ૪ (૧૬/૨૪)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ધર્મપિતાએ રામપ્રતાપભાઈને નાના ભાઈઓની સંભાળ લેવાની આજ્ઞા કરી. (૪૪/૭૯)
જ. ઘનશ્યામ ઉદાસી મનવાળા હોવાથી પોતાને ધામમાં જવાના સમયે ધર્મદેવ રામપ્રતાપભાઈને આજ્ઞા કરતાં ઘનશ્યામ અને ઈચ્છારામને પોતાની જેમ જ લાડથી રાખવાનું અને કડવું વચન ન કહેવાનું કહે છે.
૨. કંદોઈ આશ્ચર્ય પામ્યો. (૨૨/૩૭)
જ. કંદોઈએ દુકાનની બધી જ મીઠાઈઓ ઘનશ્યામને આપીને બદલામાં વીંટી લીધી હતી પણ ધર્મપિતા સાથે આવેલા ઘનશ્યામે કહ્યું 'મેં તેની મીઠાઈઓ લીધી જ નથી. બધા દુકાનમાં જાય છે તો ટોપલાઓમાં બધી મીઠાઈ અકબંધ જોઈ. તેથી કંદોઈ આશ્ચર્ય પામ્યો.
૩. મંછા ધોબીએ પાણીમાં પડી ઊંડે સુધી ડૂબકીઓ મારી. (૩૩/૬૦)
જ. મીન સરોવરમાં બાળમિત્રો સાથે રમતાં રમતાં ઘનશ્યામ ઊંડા પાણીમાં જઈને બેસી ગયા. ઉપર આવ્યા જ નહિ. તેથી બાળમિત્રોએ કપડાં ધોતાં મંછા ધોબીને વાત કરી અમારા ઘનશ્યામ પાણીમાં ડૂબી ગયા લાગે છે. તો તેમને શોધી આપો ને ! તેથી મંછા ધોબીએ પાણીમાં પડી ઊંડે સુધી ડૂબકીઓ મારી.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

> ☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''સાધુ બનાવો તો સારું.'' (૭/૧૦) ➩ ઝીણાભાઈ - સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને

➯ ઝીણાભાઈની સેવા અને ભક્તિથી પ્રસન્ન થયેલા સદ્ગુરુ કૃષ્ણચરણદાસજીએ તેમને પ્રસાદ આપી પૂછ્યું 'ઝીણા ! સાધુ થઈશ ?' ત્યારે.

૨. ''ગુરુ ઠપકો આપે તે આપણા સારા માટે જ હોય.'' (૧૪/૨૧)

➯ યોગીજી મહારાજ - હરગોવિંદદાસ મહેતાને

➯ વિજ્ઞાનદાસ સ્વામીએ યોગીજી મહારાજને જમતા ઉઠાડી મૂક્યા ત્યારે હરગોવિંદદાસે યોગીજી મહારાજને પૂછ્યું : યોગી ! આટલું બધું સહન કેમ કરો છો ? તમને ઘરે નાસી જવાનું મન નથી થતું ? ત્યારે કહે છે.

૩. ''શાસ્ત્રીજી મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ છે.'' (૨૪/૩૪)

➯ યોગીજી મહારાજ - સૌને/હરિભક્તોને

➯ શાસ્ત્રીજી મહારાજ ગયા, હવે આપણું શું થશે ? આ વિચારમાં કોઈને કાંઈ સૂઝે નહિ. તે વખતે યોગીજી મહારાજ સૌને હિંમત આપતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને કયા મંદિરના મહંત નીમ્યા ? (૨૨/૩૨)

જ. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને ગોંડલ અક્ષર મંદિરના મહંત નીમ્યા.

૨. પ્રમુખ સ્વામીની ૪૮મી જન્મજયંતી ક્યાં ઉજવવામાં આવી ? (૩૩/૫૦)

જ. પ્રમુખ સ્વામીની ૪૮મી જન્મજયંતી મુંબઈમાં ઉજવવામાં આવી

૩. સાધુ નારાયણપ્રસાદના પગનો કાંટો કોણે અને કયાં કાઢી આપ્યો ? (૧૭/૨૫-૨૬)

જ. સાધુ નારાયણપ્રસાદના પગનો કાંટો યોગીજી મહારાજે સારંગપુરમાં કાઢી આપ્યો.

૪. ક્લોરોફોર્મની અસર ઊતરી ત્યારે યોગીજી મહારાજ શું બોલ્યા ? (૨૩/૩૪)

જ. ક્લોરોફોર્મની અસર ઊતરી ત્યારે યોગીજી મહારાજ બોલ્યા કે 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : સર્પદંશ (૨૧/૩૧)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૨ | ૮ | ૬ | ૪ | ૧૨ | ૧૦ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦** 'નીડર સત્યવક્તા' (૩/૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ઝીણાભાઈ પાંચમાં ધોરણમાં ભણતા હતા. ત્યારે શાળાના હેડમાસ્તરે ત્રિભોવનદાસ હતા. તેઓ ખૂબ બહુ ક્રોધી હતા. એક વખત ચંદુ નામના છોકરાને ત્રિભોવનદાસે વગર વાંકે મૂઢ માર માર્યો અને બાવડે ઝાલીને પછાડ્યો. ઝીણાભાઈથી આ જોવાયું નહિ. તેમને ચંદુની દયા આવી. તેઓ 'સ્વામિનારાયણ' ભજન કરવા લાગ્યા. બધાં બાળકો બીકનાં માર્યાં આઘાંપાછાં થઈ ગયા. મૂઢ મારને લીધે ચંદુ મરી જતાં તેના પિતાએ આ માટે વડા અધિકારીને તપાસ કરવા વિનંતી કરી. વડા અધિકારી પૂછપરછ કરવા આવ્યા પણ હેડમાસ્તરનું નામ કોણ આપે. વડા અધિકારીએ વર્ગનાં બધાં બાળકોને પૂછ્યું, પણ કોની હિંમત ચાલે ? ઝીણાભાઈ તો હંમેશા સાચું જ બોલે. સાચું બોલવામાં બીક શાની ? તેમણે વડા અધિકારીને નીડરતાપૂર્વક સાચો જવાબ આપ્યો : 'અમારા હેડમાસ્તરે વગર વાંકે ચંદુને મૂઢ માર માર્યો છે. ચંદુને બાવડે ઝાલીને પછાડ્યો છે.' પછી તો બધા બાળકોમાં હિંમત આવીને બોલી ઊઠ્યાં : 'હા, સાહેબ ! હેડમાસ્તરે જ ચંદુને માર્યો છે. વડાઅધિકારીએ જોયું તો ઝીણાભાઈના કપાળમાં તિલકચાંદલો, મોઢા પર નિર્દોષતા અને સચ્ચાઈ. તેમને ઝીણાભાઈની વાત સાચી લાગી. વડાઅધિકારીએ હેડમાસ્તરને તરત જ બરતરફ કર્યાને ઝીણાભાઈને સાચું કહેવા બદલ ઈનામ આપ્યું. સત્યનો જ જય થાય છે. માટે આપણે પણ સાચું બોલતાં ડરવું નહિ. બાળપણથી જ સાચું બોલવાની ટેવ પાડવી જોઈએ.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ભારતમાં સેંકડો યુવક મંડળ સ્થપાઈ ગયા. (૨૫/૩૬)

જ. યોગીજી મહારાજ જ્યાં જાય ત્યાં યુવક મંડળની સ્થાપના કરતાં. તેની નોંધ રાખતાં. યુવકોને ખૂબ હિંમત આપતાં. જ્યાં મંડળ બંધ પડી ગયું હોય ત્યાં ફરી શરૂ કરાવતાં. નિયમિત પત્ર લખીને બળ આપતાં. આમ જોતજોતાંમાં ભારતમાં સેંકડો યુવક મંડળ સ્થપાઈ ગયા.

૨. યોગીજી મહારાજે ઠાકોરજીને પ્રાર્થના કરી માફી માંગી. (૨૦/૩૦)

જ. સારંગપુરથી ગઢડા જતાં રસ્તામાં ક્યાંય પાણી મળ્યું નહિ. તેથી ઠાકોરજીને સમયસર પાણી પીવડાવી શકાયું નહિ. જ્યારે પાણી મળ્યું ત્યારે ઠાકોરજીને પ્રાર્થના કરી માફી માંગી યોગીજી મહારાજે પાણી ધરાવ્યું.

૩. ખેતરનો માલિક ઝીણાની માતાને ક્યારેય વઢતો નહીં. (૧/૨)

જ. ખેતરમાં કાલાં વીણતી બધી સ્ત્રીઓના બાળકો પોતાની માને ન જુએ એટલે મોટેથી રોવા લાગે. પણ ઝીણો ક્યારેય રડે નહિ. તેથી ખેતરનો માલિક ઝીણાની માતાને ક્યારેય વઢતો નહીં.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સત્તરમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૯)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. રામાયણ કોણે લખ્યું ? (૨/૨)

જ. રામાયણ વાલ્મીકિ ઋષિએ લખ્યું.

૨. જોધાને મહારાજે સમાધિમાં કેવા દર્શન કરાવ્યા ? (૧૩/૨૫)

જ. જોધાને મહારાજે સમાધિમાં અક્ષરધામમાં તેમનાં દિવ્ય દર્શન કરાવ્યા.

૩. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને ક્યારે દીક્ષા આપી ? (૧૫/૨૯)

જ. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને સંવત ૧૮૬૬માં પોષ સુદ પૂનમને દિવસે દીક્ષા આપી.

૪. શ્રીજીમહારાજે કયા નામનું ભજન કરાવ્યું ? (૪/૭)

જ. શ્રીજીમહારાજે 'સ્વામિનારાયણ' નામનું ભજન કરાવ્યું.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૪ (૧૧/૨૦)    ૨. ૧, ૪ (૧૬/૩૪)    ૩. ૧, ૩ (૯/૧૫)    ૪. ૨, ૪ (૧/૧)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. પીપલાણા (૪/૬)    ૨. આસો સુદ પૂનમ (શરદ પૂનમ) (૧૫/૨૭)

૩. શ્રી વિહારીલાલજી મહારાજે (૧૭/૩૯)    ૪. ગોપાળાનંદ (૧૯/૪૪)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનૂ, જે જ્ઞાનવાર્તા કથે,
જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે.
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા,
એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા. (૯/૧૭)

૨. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ! દયાસિન્ધો ! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ! ભગવન દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥ (૫/૯)

૩. ચળું કરો લાવું જળ ઝારી, એલચી લવિંગ સોપારી,
પાન બીડી બનાવી સારી...... જમો થાળ.
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદીનો થાળ તણી દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને.... જમો થાળ. (૧૨/૨૩)

૪. અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતાં અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા. (શૌર્યગીત)

**પ્ર.૧૬** ''કેટલાકને મન રમાડે .....'' (૧૬/૩૬) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**"કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્યે વિચારવા જેવી છે."**

આપણો સૌથી મોટો શત્રુ આપણું મન છે. મન આપણને ભક્તિ, સેવા કરવા દેતું નથી. પણ કેટલાક માણસો મનને પણ રમાડે એવા હોય છે. મન કહે તે ન કરે. ગઢડામાં એક કોળીનો છોકરો હતો. તેના બાપે ખેતરમાં ચીભડાં વાવ્યાં હતાં. છોકરાએ નક્કી કર્યું કે ચીભડાં પાકે ત્યારે પહેલું ચીભડું મહારાજને ધરાવવું. ચીભડાં પાક્યાં ત્યારે તે ચીભડું લઈ મહારાજ પાસે જતો હતો. પાકા ચીભડાની સુગંધથી તેનું મન લલચાઈ ગયું. તેને થયું કે આવું સરસ ચીભડું તો હું જ ખાઈ જાઉં. પછી વળી મનને મારી આગળ ચાલ્યો. થોડી વારે વિચાર આવ્યો કે 'મહારાજને તો ઘણા માણસો મોટી મોટી ભેટ આપે એમાં મારું ચીભડું કાંઈ પસંદ નહિ પડે, માટે ખાઈ જ જાઉં.' પણ વળી મનને કહ્યું : 'ના, ના, મહારાજને આપવાનો વિચાર કર્યો તેથી મહારાજને જ આપવું.' આમ, મન સાથે લડાઈ લેતો લેતો દાદાખાચરના દરબારમાં આવી પહોંચ્યો. મહારાજે તેને બોલાવી ચીભડું માગ્યું. પોતે થોડું જમ્યા ને સૌને પ્રસાદી આપી. મનને જીતી આવ્યો તેથી મહારાજ તે છોકરા પર બહુ રાજી થયા ને તેને દસ શેર સાકર ભેટ આપવા કોઠારીને કહ્યું. તે સભામાં એક વાણિયો બેઠો હતો. તેણે વિચાર કર્યો કે 'આણે એક ચીભડું મહારાજને આપ્યું તો મહારાજે દસ શેર સાકર આપી, તો હું આખું ગાડું ભરીને ચીભડાં મહારાજને આપું તો મને કેટલી બધી સાકર આપશે ?' બીજે દહાડે તે તો ગાડું ભરીને ચીભડાં લઈ આવ્યો. મહારાજ કહે : આ ચીભડાં પેલી નદીમાં નાખો, માછલાં ખાઈ જશે.' વાણિયો કહે : 'મહારાજ ! આમ કેમ ? કાલે તો તમે પેલાને એક ચીભડામાં દસ શેર સાકર આપી હતી ને હું તો ગાડું ભરીને લાવ્યો છું.' મહારાજ કહે : 'તે તો મન સાથે લડાઈ કરીને મનને જીતીને લાવ્યો હતો, તેથી આપી હતી. ને તમે તો સાકર લેવાના વિચારથી લાવ્યા છો, તેથી ન મળે.' મન સાથે લડાઈ કરીને ભજન કરીએ, મન ખોટું કામ કરવાનું કહે તો તેને ના પાડીએ, તો ભગવાન બહુ રાજી થાય.'

**પ્ર.૧૭** 'અખંડાનંદ સ્વામી' (૮/૧૪) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**
**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. એક દિવસ ગાઢ જંગલમાંથી પસાર થતા અખંડાનંદ સ્વામીને માર્ગમાં વાઘ દેખાયો.
૨. આજે જ ભગવાનના ધામમાં પહોંચી જઈએ તો મારું શરીર વાઘને ખોરાક તરીકે કામમાં આવશે.
૩. ભગવાનને પોતાના ભક્તની ફિકર રહે છે, તેને કષ્ટ થાય તે મહારાજ કેમ સહન કરે ?
૪. હું આત્મા છું, અમર છું, મારે ડરવાનું શાનું ? મારું નામ અખંડાનંદ. મારો આનંદ કોણ લઈ શકે ?
૫. એકાએક વાઘ સ્વામીના પગમાં પડતો હોય તેમ આળોટી જંગલમાં જતો રહ્યો.

❑ ❑ ❑